# આત્મધર્મ

માસિક : વર્ષ-૨ * અંક-૯ * મે, ૨૦૦૮



સર્વજ્ઞ ભૂતકાળની પર્યાયને, વર્તમાનને, ભવિષ્યની પર્યાયને વર્તમાનવત્ જાણે છે, ત્રણકાળ ત્રણલોકની પર્યાય જાણે છે એનો અર્થ એ થયો કે વીતરાગે જે સમયે જે પર્યાય દીઠી તે થાશે. પોતાની પર્યાય જે સમયે દીઠી તે સમયે થાશે તેને તે વીતરાગ પણ ફેરવી શકે નહીં. —પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* પ્રથમ તો, જીવોને સુખ-દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે, કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં સુખ-દુઃખ થવા અશક્ય છે; વળી પોતાનું કર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી, કારણ કે તે (પોતાનું કર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે; માટે કોઈ પણ રીતે બીજો બીજાને સુખ-દુઃખ કરી શકે નહિ. તેથી 'હું પરજીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે. ૧૦૨૯. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા- ૨૫૪-૨૫૬)*

* જે મનુષ્ય ધર્મનું સેવન કરવાવાળાં છે તે કદાચિત્ મૃત્યુ પામે તોપણ જીવંત છે. પરંતુ જે મનુષ્ય પાપ કરવાવાળા છે તે જીવંત હોય તોપણ મરેલા છે. ૧૦૩૦.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક- ૬૨)*

* હે નિર્બુદ્ધિ જીવ! આ શરીરરૂપી ઘર ખરેખર તને બંદીગૃહ (કેદખાના) સમાન જ છે, તેમાં તું વૃથા પ્રીતિ ન કર! એ શરીરરૂપ બંદીગૃહ હાડરૂપી સ્થૂલ પાષાણથી ચણેલું છે, નસોરૂપી જાળથી વીંટાયેલું છે, ચારે બાજુ ચર્મથી આચ્છાદિત છે, રુધિર અને સજલ માંસથી લીંપાયેલું છે, દુષ્ટકર્મરૂપી વેરીએ તેને રચ્યું છે અને આયુકર્મરૂપી ભારે બેડીથી તે બંધાયેલું છે. ૧૦૩૧. *(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન. શ્લોક- ૫૯)*

* હે મૂને ! તૂ સમ્યક્ત્વકે ગુણ ઔર મિથ્યાત્વકે દોષોંકો જાનકર સમ્યક્ત્વરૂપી રત્નકો ભાવપૂર્વક ધારણ કર. યહ ગુણરૂપી રત્નોંમેં સાર હૈ ઔર મોક્ષરૂપી મંદિરકા પ્રથમ સોપાન હૈ અર્થાત્ ચઢનેકે લિયે પહેલી સીઢી હૈ. ૧૦૩૨.

*(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા- ૧૪૭)*

* પાંચોં ઇન્દ્રિયોંરૂપી કુદેવ ભયાનક હૈ, સમભાવ રહિત હૈ, ઉનકો નિયમસે વિષ સહિત જાનના યોગ્ય હૈ. ઉનમેં નિત્ય કષાયકી બઢવારી હોતી હૈ. ઉનસે મન-વચ-કાય-યોગ રૌદ્રધ્યાની રહતે હૈં. ૧૦૩૩. *(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક- ૧૯૧)*

* યહ જીવ નીચ યોનિયોંમેં દીર્ઘકાલ તક અનેક તરહસે જબ ભ્રમણ કર ચુકતા હૈ તબ કહી પુણ્યકે યોગસે એક બાર ઉચ્ચ યોનિમેં જન્મ પ્રાપ્ત કરતા હૈ, ઐસી દશામેં કૌન ઐસા હૈ જો અહંકાર કરે? ૧૦૩૪. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક- ૧૯૧)*

*

વર્ષ-૨
અંક-૯




સંવત
૨૦૬૪
MAY
A.D. 2008

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# કારણશુદ્ધપર્યાય

## કારણ અને કાર્યની સંધિનું અદ્ભુત-અંતર્મુખી વર્ણન

(શ્રી 'નિયમસાર' ગાથા-૧૫ તથા તેની ટીકા ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું વિશિષ્ટ પ્રવચન)

[.........ગતાંકથી ચાલુ (૧૧)]

જિજ્ઞાસુઓ જેની રાહ જોતા હતા તે ગાથા શરૂ થાય છે.

તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;
પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.

'કારણશુદ્ધપર્યાય'ના વર્ણન માટેની આ મુખ્ય ગાથા છે. આચાર્યદેવે આ ગાથામાં જીવની વિભાવ અને સ્વભાવ પર્યાયો વર્ણવી છે. તેમાંથી સ્વભાવપર્યાયના વિવેચનમાં ટીકાકારે 'કારણશુદ્ધપર્યાય'નું અલૌકિક વર્ણન કર્યું છે.

આત્માની પર્યાયો બે પ્રકારની છે : (૧) સ્વભાવરૂપ અને (૨) વિભાવરૂપ.

નર, નારકી, દેવ કે તિર્યંચરૂપ અવસ્થા તે તો કર્મની ઉપાધિવાળી વિભાવપર્યાયો છે અને સ્વભાવપર્યાયો કર્મની ઉપાધિ રહીત છે.

મનુષ્યાદિક વિભાવપર્યાયોને તો સાધારણપણે લોકો ઓળખે છે; પરંતુ સ્વભાવપર્યાયોને ઓળખતા નથી. અહીં પહેલાં સ્વભાવપર્યાયોનું વર્ણન કરે છે.

સ્વભાવપર્યાય બે પ્રકારે છે :

(૧) કારણશુદ્ધપર્યાય.

(૨) કાર્યશુદ્ધપર્યાય.

જેમ 'ઉપયોગ'ની સ્વભાવપર્યાયનું વર્ણન કરતાં 'કારણ' અને 'કાર્ય'નું અદ્ભુત વર્ણન કર્યું હતું તેમ હવે 'આત્મદ્રવ્ય'ની સ્વભાવપર્યાયનું વર્ણન કરતાં 'કારણ' અને 'કાર્ય'નું અદ્ભુત વર્ણન કરે છે.

કેવી છે કારણશુદ્ધપર્યાય? કે જે સ્વાભાવિક અનંતચતુષ્ટયની સાથે સદાય રહેલી છે અને જે પૂજિત છે એવી પંચમભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે. જેમાં કર્મની અપેક્ષા નથી એવી આ સ્વભાવપર્યાય દરેક આત્મામાં ત્રિકાળ રહેલી છે.....તે ત્રિકાળ આનંદમાં ડૂબેલી છે પણ જ્યારે તેને ઓળખે ત્યારે તેને અનુસરીને સ્વભાવકાર્ય પ્રગટે છે.

'કાર્ય' ત્રિકાળ નથી હોતું 'કારણ' ત્રિકાળ છે, તેને જ્યારે અવલંબે ત્યારે તે 'કારણ' જેવું 'નિર્મળ કાર્ય' નવું પ્રગટે છે, તેથી એવું 'કાર્ય' પ્રગટ કરવા માટે અહીં 'કારણ'નો મહિમા ઓળખાવે છે.

હે જીવ! તું સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીનું જે શુદ્ધ કાર્ય પ્રગટ કરવા માગે છે તેનું કારણ થવાની તાકાત તારા આત્મામાં જ છે. બહારના કોઈ પણ પદાર્થમાં તારા સમ્યગ્દર્શનાદિકનું કારણ થવાની તાકાત નથી, તે તાકાત તો તારા આત્મામાં જ વર્તી રહી છે. માટે, અંતર્મુખ થઈને એકવાર એની પ્રતીત કર. તેનું ભાન થતાં જ તને એમ થશે કે અહો! મારું કારણ તો મારામાં જ હતું પણ અત્યાર સુધી હું તેને ભૂલ્યો તેથી મારું કાર્ય ન થયું. હવે મને કારણના મહિમાની ખબર પડી! આમ કારણ-કાર્યની સંધિ થતાં તારા આત્મામાં અચિંત્ય ચૈતન્યતરંગો ઉલ્લસશે.

'નિયમસાર' એટલે શુદ્ધ રત્નત્રયરૂપી મોક્ષમાર્ગ. તે નિયમથી કરવાયોગ્ય કાર્ય છે. આ 'કાર્ય' તે વર્તમાન પર્યાય છે. તે કાર્યની સાથે તેનું 'કારણ' પણ વર્તમાનરૂપ બતાવીને સંતોએ અદ્ભુત વાત કરી છે! 'કારણશુદ્ધપર્યાય' કહો કે 'કાર્યનું વર્તમાન કારણ' કહો (તે એકાર્થ છે).

કેવી છે કારણશુદ્ધપર્યાય?—આત્માના ત્રિકાળી સ્વભાવભૂત જે સહજ ચતુષ્ટય, તેની સાથે રહેલી પૂજિત પંચમભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે.

અહા! આચાર્યદેવ કહે છે કે આ પરિણતિ પૂજિત છે, આદરણીય છે, આશ્રય કરવા યોગ્ય છે.

જુઓ! આને 'પરિણતિ' કહી પણ તે વ્યવહાર નયનો વિષય નથી, એ તો સહજ શુદ્ધનિશ્ચય નયનો વિષય છે. સહજ શુદ્ધનિશ્ચયનયથી આત્માને લક્ષમાં લેતાં તેમાં આ કારણશુદ્ધપર્યાય પણ ભેગી જ છે, એને ગૌણ કરી શકાતી નથી; એ તો દ્રવ્ય સાથે ત્રિકાળ તન્મયપણે વર્તે છે.

૧. અતીન્દ્રિયસ્વભાવી 'સહજજ્ઞાન' કે જે અનાદિ-અનંત છે.

૨. અતીન્દ્રિયસ્વભાવી 'સહજદર્શન' કે જે અનાદિ-અનંત છે.

૩. અતીન્દ્રિયસ્વભાવી 'સહજચારિત્ર' કે જે અનાદિ-અનંત છે.

૪. અતીન્દ્રિયસ્વભાવી 'સહજ પરમ વીતરાગ સુખ' કે જે અનાદિ-અનંત છે.

—આવા સ્વભાવ ચતુષ્ટય આત્મામાં ત્રિકાળ છે અને તે આત્માનું શુદ્ધ અંતઃતત્ત્વ છે. આત્માના અંતરંગ તત્ત્વરૂપ જે આ ત્રિકાળી સ્વભાવચતુષ્ટય તેની સાથે વર્તતી પૂજિત પંચમભાવ પરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે.

આ કારણશુદ્ધપર્યાય ઔદયિકાદિક ચાર ભાવોરૂપ નથી પણ પંચમ પારિણામિક ભાવરૂપ છે અને કર્મોથી ત્રિકાળ નિરપેક્ષ છે.

અનાદિ-અનંત આત્માકારે વર્તતી એવી આ સ્વભાવભૂત કારણપરિણતિ એ નિર્મળ કાર્યનું કારણ છે.

કારણપરિણતિ કાંઈ આત્માથી જુદી નથી પણ કારણપરિણતિપણે વર્તતો આખો આત્મા તે જ બધી નિર્મળ પર્યાયોનું કારણ છે.

આવો ભગવાન કારણપરમાત્મા દરેક જીવને ઉપાદેય છે. તે કોઈ બીજો જુદો નથી પણ પોતે જ છે. અહો! એકધારાએ પરમપારિણામિકભાવની પરિણતિથી શોભિત ચૈતન્ય ભગવાન બિરાજી રહ્યો છે. અનાદિ-અનંત એકધારાએ જ્યારે જુઓ ત્યારે પરિપૂર્ણ-વર્તમાન વર્તતો-હાજરાહજૂર પરમાત્મા બિરાજી રહ્યો છે, શોભી રહ્યો છે. હે જીવ! આને જ તું તારું કારણ બનાવ ને બાહ્યકારણો શોધવાની ભ્રમણા છોડ! અહા! જ્યાં સ્વતઃ પોતામાં પૂર્ણતા ભરી છે, ત્યાં બીજાની અપેક્ષા શું હોય? જુઓ! આ નિરપેક્ષ સ્વભાવ!!!

જેમ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ—એ ચારે દ્રવ્યો ત્રિકાળ શુદ્ધ છે, નિરપેક્ષ એકરૂપે જ સદાય વર્તે છે, તેમ આત્માને પણ જો તેના નિરપેક્ષ સ્વભાવથી જુઓ તો મોક્ષ વખતે કે સાધકદશા વખતે તે સદાય એકરૂપ શુદ્ધરૂપે જ વર્તે છે. પોતાના સહજ સ્વભાવચતુષ્ટય સહિત પંચમભાવ પરિણતિથી તે સદાય શોભી રહ્યો છે.

મુનિરાજ કહે છે કે આવી પરિણતિથી શોભતો આત્મા પૂજિત છે; કેમ કે તે કેવળજ્ઞાનનો દાતાર છે. આવા કારણના અવલંબને કેવળજ્ઞાનકાર્યને સાધતાં-સાધતાં સાધક સંતોના હૈયામાંથી આ ઉદ્ગાર નીકળ્યા છે!

જેમ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં ઉદયાદિની અપેક્ષા વગરનું પારિણામિકભાવે સદા પરિણમન છે તો તેના કરતાં મોટો મહિમાવંત એવો જે ચૈતન્ય ભગવાનઆત્મા તેને પણ કર્મના ઉદય આદિની અપેક્ષા વગરની પરિણતિ (વર્તમાન વર્તવાપણું) પારિણામિકભાવે વર્તે છે. આ નિરપેક્ષ સ્વભાવપરિણતિનું નામ છે કારણશુદ્ધ પર્યાય!!!

જ્ઞાનાવરણીય આદિ કર્મોના નાશથી જે કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રગટી તે પણ સ્વભાવપર્યાય છે અને તેને ઈન્દ્રિયો વગેરેની અપેક્ષા નથી તે અપેક્ષાએ તેને નિરપેક્ષ કહેવાય, પરંતુ કર્મના ક્ષય સાથે તેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, એટલી અપેક્ષા તેનામાં આવે છે.

ત્યારે આ કારણશુદ્ધપર્યાયમાં તો કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધની પણ અપેક્ષા નથી; તે તો દ્રવ્ય સાથે ત્રિકાળ નિરપેક્ષપણે વર્તે છે!

એ ધ્યાનમાં રાખવું કે વર્તમાન પર્યાયમાં અજ્ઞાન-જ્ઞાન, રાગ-વીતરાગતા, સંસાર-મોક્ષ ઈત્યાદિ કાર્ય જીવોને વર્તે છે, તે કાર્યના સ્વીકારપૂર્વકની આ વાત છે. જો તે કાર્ય-પર્યાયને ન સ્વીકારે, 'અશુદ્ધ કાર્યને ટાળીને શુદ્ધ કાર્ય કરવાનું છે' તેને ન સ્વીકારે તો 'કાર્ય વગર કારણ કો'નું?' એટલે પર્યાયમાં શુદ્ધ-અશુદ્ધ કાર્યના સ્વીકારપૂર્વક જ શુદ્ધ કાર્યના કારણરૂપ આ 'કારણશુદ્ધપર્યાય'નો વાસ્તવિક સ્વીકાર થાય છે.

'આ મારી શુદ્ધતાનું કારણ'—એમ તે જ કહી શકે છે કે જેણે તે કારણના આશ્રયે શુદ્ધ કાર્ય પ્રગટ કર્યું હોય.

—આ રીતે કાર્ય-કારણની સંધિપૂર્વકની આ વાત છે.

આ 'કારણશુદ્ધપર્યાય' વર્તમાનરૂપે છે. જો તે વર્તમાનરૂપ ન હોય તો વર્તમાન કાર્ય

પણ શુદ્ધ ન થઈ શકે. શુદ્ધ કાર્ય જેમ વર્તમાનમાં થાય છે તેમ તેનું શુદ્ધ કારણ પણ વર્તમાન વર્તે છે.

આ રીતે, 'કારણશુદ્ધપર્યાય' પોતાના સ્વાભાવિક ચતુષ્ટય-વૈભવ સહિત વર્તમાન વર્તે છે, પણ તે ઉત્પાદ-વ્યયરૂપ નથી. તેનો ઉત્પાદરૂપે અનુભવ નથી. જો તેનો ઉત્પાદરૂપ અનુભવ હોય તો તે કાર્ય થઈ જાય અને ત્રણે કાળે અનંતચતુષ્ટયનો પ્રગટ અનુભવ હોય, પરંતુ એમ તો છે નહીં. અનંતચતુષ્ટયનો પ્રગટ અનુભવ તો ત્યારે જ થાય છે કે જ્યારે કારણનો આશ્રય કરીને શુદ્ધ કાર્ય પ્રગટે.

જો આ એકરૂપ ધારાવાહી કારણશુદ્ધપર્યાય આત્મા સાથે ત્રિકાળ ન હોય તો સ્વભાવનું ત્રિકાળ સામર્થ્ય અને એવું જ તેનું પરિપૂર્ણ વર્તમાન—તે બંનેના અભેદરૂપ અખંડ પારિણામિકભાવ સાબિત કઈ રીતે થાય? વર્તમાન પૂર્ણ સામર્થ્યની સિદ્ધિ વગર ત્રિકાળ પૂર્ણ સામર્થ્યની સિદ્ધિ ક્યાંથી થાય?

વર્તમાન પૂર્ણ સામર્થ્યરૂપે વર્તતી જે કારણશુદ્ધપર્યાય તેના આશ્રયે મોક્ષ-કાર્ય પ્રગટે છે. વર્તમાન પૂર્ણ કાર્ય પ્રગટ કરવા માટે જો પૂરો આશ્રય વર્તમાન ન હોય તો તો કાર્યને માટે ભૂત-ભવિષ્યમાં દોડવું પડે!

પરંતુ, વર્તમાન કાર્યને માટે જેમ પરનો આશ્રય નથી તેમ વર્તમાન કાર્યને ભૂત-ભવિષ્યનો પણ આશ્રય નથી. વર્તમાન કાર્યનો આશ્રય પણ વર્તમાનરૂપ જ છે. જો બંને વર્તમાનરૂપ ન હોય તો કારણ-કાર્યની એકતા ક્યાંથી થાય? એટલે આત્મા પોતે કારણશુદ્ધપર્યાયપણે વર્તમાન વર્તતો થકો પોતાના શુદ્ધ કાર્યનો આશ્રય છે.

કારણશુદ્ધપર્યાયનો વૈભવ કેવો છે?-કે ત્રણે કાળે જેમાં સહજજ્ઞાનના ભંડાર ભર્યા છે, ત્રણે કાળે જેમાં સહજદર્શનના ભંડાર ભર્યા છે, ત્રણે કાળે જેમાં સહજચારિત્રના ભંડાર ભર્યા છે અને ત્રણે કાળે જેમાં સહજવીતરાગસુખના ભંડાર ભર્યા છે. અહા! આવા સહજચતુષ્ટયના ભંડારથી પરિપૂર્ણ એવી પૂજિત પંચમભાવપરિણતિ (કારણશુદ્ધપર્યાય) આત્મામાં વર્તે છે.

હે જીવ! તારા આ ભંડારમાંથી તું કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટય પ્રગટ કર અનંતકાળ સુધી તું તેમાંથી કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટય કાઢ્યા કર તોપણ કદી ખૂટે નહિ એવો અખૂટ એ ભંડાર છે. આવો ભંડાર તારી પાસે છે. તો પછી તારે પરાશ્રયની ભીખ શા માટે માંગવી જોઈએ? શા માટે બાહ્યકારણોને શોધવાં જોઈએ? અંતર્મુખ થા ને તારા

ચૈતન્ય-ભંડારને દેખ! અહો! મુનિવરોએ વસ્તુના વૈભવને પ્રસિદ્ધ કર્યો છે.

અહીં સ્વભાવચતુષ્ટયમાં જે 'સહજ પરમ વીતરાગ સુખ' કહ્યું તેમાં 'વીતરાગ' કહેતાં એમ ન સમજવું કે પહેલાં રાગ હતો ને પછી ટળ્યો, પરંતુ તે તો સ્વભાવથી જ સદાય રાગરહિત છે. ચૈતન્યભગવાનને પોતાના સ્વભાવ અનંતચતુષ્ટયની સહજપરિણતિનો કદી વિરહ નથી. આવી તેની સ્વરૂપપરિણતિ સહિત તે પૂજનીક છે, ઉપાદેય છે, સેવ્ય છે. નિર્મળ પરિણતિ વડે જ તેની યથાર્થ પૂજા-ઉપાસના-સેવા થાય છે; કાર્ય વડે કારણની સેવા થાય છે. કારણના સેવન-અનુસાર કાર્યની નિર્મળતા થાય છે. જે શુદ્ધ કારણને સેવે તેને શુદ્ધ કાર્ય (સમ્યક્ત્વાદિ) થાય છે અને જે અશુદ્ધ કારણને (રાગાદિને) સેવે તેને અશુદ્ધ કાર્ય (મિથ્યાત્વાદિ) થાય છે.

જેવો ત્રિકાળ સ્વભાવ, તેવું જ તેનું વર્તમાન. જેવું ત્રિકાળ સામાન્ય, તેવું જ તેનું વર્તમાન વિશેષ. આ રીતે પરમપારિણામિકસ્વભાવે આત્મા સદા વર્તી રહ્યો છે.

એકલા સ્વભાવની જ અપેક્ષાવાળી જે એકરૂપ ધારાવાહી પરિણતિ છે તે જ કારણશુદ્ધપર્યાય છે અને તે પૂજનીય છે.

ત્રિલોકનાથ શ્રી અર્હંત અને સિદ્ધભગવંતો પણ આ પરમપારિણામિકભાવની પૂજિત પરિણતિનું સેવન કરીકરીને જ અર્હંત અને સિદ્ધ થયા છે. માટે, મુનિરાજ કહે છે કે હે ભવ્યજીવો! તમે પણ તેનું જ સેવન કરો. પોતે તેના સેવન વડે સિદ્ધપદને સાધતાં-સાધતાં કહે છે કે હે સખા! તું પણ આનું સેવન કરીને ચાલને મારી સાથે મોક્ષમાં!

જેમ દરિયો, દરિયાના પાણીનું દળ અને તેની એકરૂપ પાણીની સપાટી તે એકરૂપ છે ને ઉપર મોજાનાં તરંગો વિવિધ ઊઠે છે ને પાછા શમે છે. તેમ આત્મામાં ત્રિકાળી દ્રવ્ય, તેનાં ગુણો અને પારિણામિકભાવે વર્તતી તેની પરિણતિ તે એકરૂપ છે ને જે ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયો છે તે વિવિધ છે, તેમાં ઉદયાદિક ભાવો હોય છે, તે ઉત્પન્ન થઈને બીજી ક્ષણે લય પામે છે. કારણશુદ્ધપર્યાયમાં તો પારિણામિકભાવરૂપ એક જ પ્રકાર છે, તે કદી લય પામતી નથી, એકધારાએ સદાય વર્તે છે.

આ કારણપર્યાય સદા શુદ્ધ છે. કાર્યપર્યાયમાં શુદ્ધ ને અશુદ્ધ એવા ભેદો છે પણ કારણ તો સદા શુદ્ધ જ છે. તેમાં શુદ્ધ ને અશુદ્ધ એવા પ્રકાર નથી તેમજ તેને અશુદ્ધતાનું કારણપણું પણ નથી. પ્રગટ પર્યાયમાં અશુદ્ધતા હોય તો પણ કારણશુદ્ધપર્યાયમાં અશુદ્ધતા નથી. કારણશુદ્ધપર્યાય તો શુદ્ધતાનું જ કારણ છે.

એનામાં 'પર્યાય' શબ્દ આવે છે તેથી એમ ન સમજવું કે તે પર્યાયદૃષ્ટિનો વિષય છે. તે પર્યાય દ્રવ્ય સાથે સદા તન્મયપણે વર્તતી થકી દ્રવ્યદૃષ્ટિના વિષયમાં સમાય છે.

ત્રિકાળી આખા દ્રવ્યનો એક વર્તમાન ભેદ હોવાથી તેને માટે 'પર્યાય' શબ્દ વાપર્યો છે ને વર્તમાનકાર્ય (મોક્ષમાર્ગ) કરવા માટે તેનું વર્તમાન કારણ બતાવ્યું છે. આ કારણ ઉપર જેની દૃષ્ટિનું જોર છે તેને સમ્યગ્દર્શનાદિ કાર્ય થાય છે.

સર્વે પદાર્થોને જાણનારો ને સર્વોત્તમ મહિમાવાળો આ ચૈતન્યમૂર્તિ આત્મા છે. તેના અંતરમાં વર્તમાનમાં શું શું વર્તી રહ્યું છે?—તેની આ વાત છે.

કોઈને 'આ' વાત તદ્દન નવી લાગે ને ઝટ ન સમજાય તોપણ એવા લક્ષથી સાંભળવું કે 'આ' મારા સ્વભાવ-સામર્થ્યનો કોઈ અચિંત્ય મહિમા ગવાય છે!! સ્વભાવના બહુમાનના સંસ્કાર પણ મોહને અત્યંત મંદ કરી નાંખે છે.

આ 'કારણશુદ્ધપર્યાય' કહીને સંતો અને જ્ઞાનીઓ એમ બતાવે છે કે અરે જીવ! સમયે સમયે તારામાં પરિપૂર્ણતા વર્તી રહી છે. શુદ્ધતાનું પૂર્ણ કારણ જ્યારે જો ત્યારે તારામાં હાજર જ પડ્યું છે માટે, અંતર્મુખ થા! અંતર્મુખ થઈને તે કારણના આશ્રયે તારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કાર્યને પ્રગટ કર! એ જ નિયમથી કર્તવ્ય છે.

ચૈતન્યભગવાન પાસે તેની તૈયાર સજેલી તરવાર જેવી, કારણશુદ્ધપરિણતિ હાજર જ પડેલી છે; તેની સામે જોઈને હાથમાં લ્યે એટલી જ વાર છે. તે કારણને હાથમાં લેતાંવેંત (—તેનો આશ્રય કરતાંવેંત) અનંતસંસાર કટ થઈ જાય છે.

ભગવાન કારણપરમાત્મા પોતાની કારણશુદ્ધપરિણતિરૂપ સિંહાસને સદાય બિરાજી રહ્યો છે. કારણપરિણતિથી પરિપૂર્ણપણે સદાય શોભી રહ્યો છે.

આવી પૂર્ણતાને માનશે તે પૂર્ણતાને પામશે. અધૂરો જ માનશે તે અધૂરો જ રહેશે.

સ્વભાવભૂત જે કારણશુદ્ધપર્યાય તેના આશ્રયે પ્રગટતું પૂર્ણ કાર્ય કેવું છે અર્થાત્ સ્વભાવભૂત કાર્યશુદ્ધપર્યાય કેવી છે?—તે હવે કહે છે : કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ, કેવળશક્તિ—આવા અનંતચતુષ્ટય સહિતની પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.

જેમ 'કારણ'માં ચતુષ્ટય લીધા હતા તેમ આ 'કાર્ય'માં પણ ચતુષ્ટય લીધા; પણ બંનેમાં તે ચાર ગુણની સાથે બીજા અનંત ગુણોની વાત પણ ભેગી જ સમજી લેવી.

કારણશુદ્ધપર્યાયમાં જે ચતુષ્ટય કહ્યા તે અનાદિ-અનંત હતા અને આ કાર્યશુદ્ધપર્યાયમાં જે ચતુષ્ટય કહ્યા તે સાદિ-અનંત છે.

કારણશુદ્ધપર્યાય ત્રણે કાળ કર્મની ઉપાધિથી રહિત છે ને 'કાર્યશુદ્ધપર્યાય' પ્રગટ્યા પછી સદાય કર્મની ઉપાધિથી રહિત છે.

કારણશુદ્ધપર્યાય સહજ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે ને આ કાર્યશુદ્ધપર્યાય શુદ્ધ સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે.

જુઓ! આ કારણ-કાર્યની અદ્‌ભુત વાત!! આ શા માટે સમજાવે છે?-કે આવું પૂર્ણ શુદ્ધ કાર્ય પ્રગટ કરવું તે કર્તવ્ય છે ને તે 'કાર્ય' કારણસ્વભાવના આશ્રયે પ્રગટે છે. એમ જાણીને, બીજા બધાનો આશ્રય છોડીને એક કારણસ્વભાવનો આશ્રય કરવો—તે આ ઉપદેશનું તાત્પર્ય છે.

અહો! જંગલમાં બેઠાબેઠા મુનિવરોએ સિદ્ધપરમાત્મા જેવો જે પોતાનો કારણપરમાત્મા તેની સાથે ધ્યાનની કેલિ કરતાં કરતાં આનંદના દરિયા ઉછાળ્યા છે!

આ રીતે કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય—એમ બે પ્રકારે જીવની સ્વભાવપર્યાયનું વર્ણન કર્યું અને હવે છએ દ્રવ્યની અપેક્ષાથી સ્વભાવપર્યાય કહે છે. છએ દ્રવ્યોને સાધારણ અને સૂક્ષ્મ એવા અર્થપર્યાયો તે શુદ્ધ છે; તે સૂક્ષ્મ ઋજુસૂત્રનયનો વિષય છે અને ષટ્‌ગુણવૃદ્ધિ-હાનિ સહિત છે. આ રીતે, પહેલાં જીવની સ્વભાવપર્યાયોનું અને પછી છએ દ્રવ્યોની સ્વભાવપર્યાયોનું વર્ણન કર્યું.

નર, નારકાદિ પર્યાયો તે જીવની વિભાવપર્યાયો છે. જે જીવ પર્યાયબુદ્ધિવાળો છે એટલે કે વિભાવપર્યાયોને જે પોતાનું સ્વરૂપ માને છે તે જીવ વિભાવપર્યાયોરૂપ પરિણમતો થકો નવા નવા શરીર ધારણ કરીને ચાર ગતિમાં રખડે છે.

જ્ઞાની તો ચિદાનંદી કારણપરમાત્મા તે જ 'હું' છું—એમ જાણીને તેની જ ભાવના વડે નિર્મળપર્યાયોરૂપે પરિણમતો થકો સિદ્ધપદને પામે છે.

[હવે ૧૫મી ગાથા પૂરી કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[શ્લોકાર્થ :] બહુ વિભાવ હોવા છતાં, સહજ પરમ તત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે એવો આ શુદ્ધદ્રષ્ટિવાળો પુરુષ 'સમયસારથી અન્ય કોઈ નથી' એમ માનીને, શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીનો વલ્લભ થાય છે. ૨૭.

જુઓ! આ નિશ્ચય-વ્યવહારની સંધિ, 'વિભાવ હોવા છતાં' એમ કહીને 'પર્યાયમાં વ્યવહાર' છે તેનો સ્વીકાર કર્યો; પણ 'સમયસારથી અન્ય કાંઈ નથી' એમ કહીને 'શુદ્ધદૃષ્ટિ'માં તેનો (—વિભાવનો) અભાવ બતાવ્યો. આ રીતે શુદ્ધદૃષ્ટિના જોરે વિભાવનો નિષેધ કરીને ધર્મજીવ મુક્તિ પામે છે.

'પ્રવીણ કોણ? કે જેની બુદ્ધિ સહજ પરમ તત્ત્વના અભ્યાસમાં લાગેલી છે તે. વિભાવમાં જેની બુદ્ધિ લાગેલી છે તે પ્રવીણ નથી.

'પરમ તત્ત્વનો અભ્યાસ' .....તે ચારિત્ર સૂચવે છે.

'પ્રવીણ બુદ્ધિ' .....તે સમ્યગ્જ્ઞાન સૂચવે છે.

'શુદ્ધ દૃષ્ટિ' .....તે સમ્યગ્દર્શન સૂચવે છે.

—આ રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો પુરુષ વિભાવનો નિષેધ કરીને ચિદાનંદસ્વભાવના આશ્રયે મુક્તિ પામે છે.

અહો! 'જિન' અને 'જીવ' સરખા છે :

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખ દાઈ.

—'શ્રીમદ્ રાજચંદ્ર'/પત્રાંશ : ૯૫૪.

પ્રત્યેક આત્મા સિદ્ધ સમાન પરિપૂર્ણ સ્વભાવી છે. અજ્ઞાની ભલે પોતાને વિભાવપર્યાય જેટલો જ માને પણ જ્ઞાની તો કહે છે કે તે વ્યવહારથી જ વિભાવપર્યાયરૂપ થયો છે; નિશ્ચયથી તો તે સિદ્ધ જેવો જ છે..... માટે હે જીવ! તું શુદ્ધદૃષ્ટિથી તારા આત્માને આવો દેખ. શુદ્ધસ્વભાવને દૃષ્ટિમાં લઈને તેની ભાવના કરતાં તું પણ કાલે સિદ્ધપરમાત્મા બની જઈશ.

★ 'કારણશુદ્ધપર્યાય'ની આ લેખમાળામાં ખાસ કરીને એ દેખાડ્યું છે કે જીવના હિત-કાર્યનું સાક્ષાત્ કારણ જીવમાં પોતામાં જ વર્તમાન વર્તી રહ્યું છે, 'કારણ' બીજે ક્યાંય શોધવા જવું પડે એમ નથી. જીવને પુરુષાર્થ વડે વિશેષ કાર્ય કરવાનું છે વર્તમાનમાં..... તો જેના આધારે જોર કરવાનું છે તે પણ સામે કારણપણે વર્તમાન પૂરું ન હોય તો કોના અવલંબને કાર્ય પ્રગટે? 'કારણશુદ્ધપર્યાય' આખા દ્રવ્યને વર્તમાનમાં ઝીલી રાખ્યું છે, તે વર્તમાન નિકટનું કારણ છે, મોઢા આગળ તે છે, એટલે તેની મુખ્યતા ને વિભાવોની ગૌણતા કરતાં કાર્યની સિદ્ધિ થાય છે. કાર્યની સિદ્ધિ થયા પછી પણ તેનુ કારણ ભેગું જ વર્તે છે, એવું આ ધ્રુવ કારણ છે.

ચાર અધૂરા જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય) તો પાછળ રહી જાય છે અર્થાત્ છૂટી જાય છે; ત્યાં પણ કેવળજ્ઞાનાદિ ચતુષ્ટયની સાથે કારણશુદ્ધપર્યાય તો પંચમભાવે વર્તી જ રહી છે, સદાય સાથે ને સાથે જ રહેતી એવી કારણશુદ્ધપર્યાય તે જ નવા નવા કાર્યનું કારણ છે.

જુઓ! આ સદાય સાથે રહેનાર સાથીદાર!! સંયોગો, વિભાવો ને અધૂરી પર્યાયો તો જીવનો સાથ છોડી દે છે; તો જે સાથ છોડી દે એનો વિશ્વાસ શો? માટે અંતર્મુખ થઈને અખંડ કારણપણે સદાય સાથે વર્તતા એવા તારા સ્વભાવનો જ વિશ્વાસ કર! મોક્ષમાં જવા માટે તેનો જ સાથ લે! સિદ્ધપદમાં પણ તે સદાય સાથે ને સાથે જ રહેશે.

જુઓ! આ દ્રવ્યાનુયોગનો અતિ સૂક્ષ્મ વિષય!! મોક્ષનું કારણ જે નિશ્ચયરત્નત્રય, તેનું પણ મૂળ કારણ અહીં બતાવ્યું છે; મોક્ષમાર્ગ અને મોક્ષ બંને તેના આધારે પ્રગટે છે.

શ્રોતા :—આપ કારણશુદ્ધપર્યાયનો ઘણો ઘણો મહિમા કરો છો...... પરંતુ અમારે તે શું ઉપયોગી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—તે વર્તમાન કારણરૂપ છે, તેથી જેને વર્તમાન કાર્ય (સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ કાર્ય) પ્રગટ કરવું હોય તેને તે ઉપયોગી છે; કેમ કે તે કારણનો આશ્રય કરતાં કાર્ય પ્રગટી જાય છે.

દ્રવ્યથી તે કારણશુદ્ધપર્યાય કાંઈ જુદી નથી દ્રવ્ય ત્રિકાળ એવું ને એવું પૂરેપુરું વર્તમાનમાં વર્તી રહ્યું છે.

અરે જીવ! તું જ્યારે જો ત્યારે વર્તમાન કારણપણે પૂરું દ્રવ્ય તારી પાસે જ છે..... તે તું જ છે..... માત્ર તારા નયનની આળસે તેં તારા કારણને જોયું નથી..... તેથી જ તારું કાર્ય અટક્યું છે. હવે તો અંતરમાં નજર કરીને આ કારણને દેખ! આ કારણનો સ્વીકાર કરીને તેનો આશ્રય કરતાં તારું નિર્મળ કાર્ય થઈ જશે!

દ્રવ્ય-ગુણનો વર્તમાન વર્તતો સ્વ-આકાર તે કારણશુદ્ધપર્યાય છે. બીજા કારણોનો આશ્રય છોડીને આ સ્વ-આકાર કારણના સ્વીકારથી જ સમ્યગ્દર્શનાદિ કાર્ય થાય છે.

આ કારણશુદ્ધપર્યાય અનાદિ-અનંત એકરૂપે પ્રત્યેક જીવને વર્તે છે.

(૧) જગતમાં સંસારપર્યાય સામાન્યપણે અનાદિ-અનંત છે; પરંતુ તેમાંથી જે કોઈ જીવ પોતાનું ભાન કરીને મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટ કરે તેને માટે સંસાર 'અનાદિ-સાંત' છે.

(૨) મોક્ષ-પર્યાય પણ જગતમાં સામાન્યપણે અનાદિ-અનંત છે; પરંતુ પ્રત્યેક જીવની અપેક્ષાએ જે જીવ જ્યારથી મોક્ષ પામ્યો ત્યારથી તેને માટે મોક્ષ 'સાદિ-અનંત' છે.

(૩) હવે જે કારણશુદ્ધપર્યાય છે તે તો પ્રત્યેક જીવને, સંસારમાં કે મોક્ષમાં, અનાદિ–અનંત વર્તે છે.

પણ, તેની ખબર નવી પડે છે. જ્યારે તેની ખબર પડે ત્યારે તેનું કાર્ય (સમ્યગ્દર્શનાદિ) પ્રગટે છે.

જેમ ઘરમાં એક નિધાન તો પહેલેથી પડ્યું હોય પણ જ્યારે તેનું ભાન થઈને તે ઉપભોગમાં આવે ત્યારે તે નિધાન કામમાં આવ્યું કહેવાય. તેમ કારણસ્વભાવરૂપ નિદાન તો આત્મામાં અનાદિ–અનંત છે પણ તેનું ભાન કરીને શ્રદ્ધા–જ્ઞાને જ્યારે તેને પોતાનું કારણ બનાવ્યું, ત્યારે તે કારણનું કારણપણું સફળ થયું.

'અહો! આ કારણ તો મારામાં પહેલેથી જ હતું'—એવો ખ્યાલ કાર્ય થયું ત્યારે આવ્યો. 'કારણ'નો ખ્યાલ કરનાર 'કારણ' પોતે નથી; ખ્યાલ કરનાર તો 'કાર્ય' છે. 'કાર્ય' એટલે સમ્યગ્દર્શનાદિ કરનારને જ તેના 'કારણ'નું ખરું સ્વરૂપ અને મહિમા સમજાય છે. વાહ! કારણ–કાર્યની કેવી સંધિ છે!!

જુઓ! આ કારણ!!

લોકો કહે છે કે તમે 'કારણ'ને માનો છો કે નહિ?—હા, ભાઈ! હા; કારણને માનીએ છીએ પણ અમે તેને પૂછીએ છીએ કે હે ભાઈ! ખરું કારણ તો કાર્ય આપવાની તાકાતવાળું હોય કે તાકાત વગરનું? જેનામાં કાર્ય આપવાની તાકાત ન હોય તેને ખરું કારણ કેમ કહેવાય?

નિમિત્ત કારણની અને વ્યવહાર કારણની વાત તો દૂર રહો તેમનામાં તો (સમ્યગ્દર્શનાદિક) કાર્ય આપવાની તાકાત છે જ નહિ અને નિશ્ચયમોક્ષમાર્ગરૂપ જે કારણ છે તેનામાં પણ મોક્ષ આપવાની તાકાત નથી, અંશે તાકાત છે; એટલે તો મોક્ષમાર્ગ પણ મોક્ષનું ખરું કારણ નથી. મોક્ષનું મૂળ કારણ આત્માની પંચમભાવપરિણતિ છે અર્થાત્ પંચમભાવપરિણતિ સહિત વર્તતો આત્મસ્વભાવ જ મોક્ષનું સાક્ષાત્ મૂળ કારણ છે. તેનામાં જ મોક્ષ આપવાની તાકાત છે.

જેનામાં જે કાર્ય આપવાની તાકાત હોય તેને જ તેનું ખરું કારણ કહેવાય ને!

મોક્ષ માટે બહારનું કારણ જુટાવવાનું રહેતું નથી. અંદરમાં સાક્ષાત્ કારણ પડ્યું છે, તેનું અવલંબન કરતાં બાહ્ય કારણો તો ત્યાં સ્વયમેવ હોય જ છે.

'કારણશુદ્ધપર્યાય'ના વર્ણન દ્વારા અહીં જે આત્માનું 'નિકટ કારણ'પણું બતાવવું છે તે માટેનું સામાન્ય દૃષ્ટાંત આ પ્રમાણે છે—

જેમ કોલસો અને લીંડીપીપર બંનેમાં રસ-ગુણ હોવા છતાં ચોસઠ પહોરી તીખાશ આપવા માટે નિકટનું કારણ લીંડીપીપરમાં છે. તેમ (મોક્ષ) કાર્ય પ્રગટવા માટે આત્મામાં ત્રિકાળ સામર્થ્ય હોવા છતાં, વર્તમાન વર્તતું તેનું કારણપણું (જેને અહીં કારણશુદ્ધપર્યાય તરીકે વર્ણવ્યું છે) તે સીધું નિકટનું કારણ છે અને આ નિકટનું કારણ બધાય જીવોમાં વર્તી રહ્યું છે.

જેમ નિકટના કારણની અપેક્ષાએ લીંડીપીપર અને કોલસામાં ભેદ પાડ્યા; તેમ જીવોમાં બે ભેદ પડતા નથી કે એક જીવમાં કારણ નજીક ને બીજામાં નહીં.

'કારણ' તો બધા જીવોને નજીકમાં જ (વર્તમાનમાં જ) છે. એને કારણ તરીકે સ્વીકારે એટલી જ કાર્ય પ્રગટવાની વાર છે. છે તો નજીક પણ અજ્ઞાનના પડદાને લીધે દૂર થઈ પડ્યું છે! તે અજ્ઞાનનો પડદો તોડીને સીધા કારણ સાથે સંબંધ કરીને નિર્મળ કાર્ય પ્રગટ કરવાની આ વાત છે.

જુઓ! ટીકાકારે અદ્‌ભુત વાત કરી છે!! આ ટીકાકાર મુનિરાજ પંચપરમેષ્ઠી-પદમાં ભળેલા છે, એટલે તેઓ પણ 'ભગવાન' છે. પંચપરમેષ્ઠીભગવંતોને નમસ્કાર કરતાં આ મુનિરાજને પણ નમસ્કાર પહોંચી જાય છે. તેઓ કહે છે કે-

પ્રભો! તારા કેવળજ્ઞાનનું કારણ તારી નજીકમાં તારી પાસે જ છે, તે પૂજિત છે, તે આદરણીય છે, તેનું શરણ લેતાં સર્વ મનોરથની સિદ્ધિ થઈ જાય છે. કયા મનોરથ? કે મોક્ષનાં! મુમુક્ષુને મોક્ષ સિવાય બીજા શેના મનોરથ હોય?

ત્રિકાળી દ્રવ્ય-ગુણ ને કારણશુદ્ધપર્યાયોનું જે સ્વરૂપ કહ્યું તેની જે ભાવના કરશે તેને સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીનાં શુદ્ધ કાર્યો થશે અને પોતાના સર્વ મનોરથના સ્થાનભૂત એવી પરમાનંદસ્વરૂપ મોક્ષદશાને તે પામશે. આમ, સંતોના આશીર્વાદપૂર્વક આ લેખમાળા સમાપ્ત થાય છે.

કારણ-કાર્યની સાક્ષાત્ સંધિસ્વરૂપ એવા શ્રી સર્વજ્ઞ પરમાત્માને નમસ્કાર હો!

કારણ સાથે સંધિપૂર્વક જેઓ નિજ કાર્યને સાધી રહ્યા છે એવા શ્રી સાધક સંતોને નમસ્કાર હો!

નિજ કાર્યના હેતુભૂત સાક્ષાત્ કારણ દર્શાવનાર શ્રી સદ્‌ગુરુદેવને નમસ્કાર હો!

❑ ❑ ❑

# પંચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર

(સળંગ પ્રવચન નં. ૨)

હવે શ્રી સિદ્ધ પરમેષ્ઠીનું સ્વરૂપ ધ્યાઈએ છીએ.

* ગૃહસ્થ-અવસ્થા તજી મુનિધર્મ સાધન વડે ચાર ઘાતિકર્મોનો નાશ થતાં અનંત ચતુષ્ટય-ભાવ પ્રગટ કરી કેટલોક કાળ વીત્યે અઘાતિકર્મોની પણ ભસ્મ થતાં પરમૌદારિક શરીરને પણ છોડી ઊર્ધ્વગમન સ્વભાવથી લોકના અગ્રભાગમાં જઈ જે બિરાજમાન થયા છે,
* ત્યાં જેને સંપૂર્ણ પરદ્રવ્યોનો સંબંધ છૂટવાથી મુક્ત અવસ્થાની સિદ્ધિ થઈ છે,
* ચરમ (અંતિમ) શરીરથી કિંચિત્ ન્યૂન પુરુષાકારવત્ જેના આત્મપ્રદેશોનો આકાર અવસ્થિત થયો છે,
* પ્રતિપક્ષીકર્મોનો નાશ થવાથી સમત જ્ઞાનદર્શનાદિક આત્મિક ગુણો જેને સંપૂર્ણપણે સ્વભાવને પ્રાપ્ત થયા છે,
* નોકર્મનો સંબંધ દૂર થવાથી જેને સમસ્ત અમૂર્તત્વાદિ આત્મિક ધર્મો પ્રગટ થયા છે,
* જેને ભાવકર્મોનો અભાવ થવાથી નિરાકુળ આનંદમય શુદ્ધ સ્વભાવરૂપ પરિણમન થઈ રહ્યું છે,
* જેના ધ્યાન વડે ભવ્યજીવોને સ્વદ્રવ્ય-પરદ્રવ્ય તથા ઉપાધિક-સ્વાભાવિક ભાવનું વિજ્ઞાન થાય છે, જે વડે પોતાને સિદ્ધ-સમાન થવાનું સાધન થાય છે,
* તેથી સાધવા યોગ્ય પોતાનું શુદ્ધ સ્વરૂપ તેને દર્શાવવા માટે જે પ્રતિબિંબ સમાન છે
* તથા જે કૃતકૃત્ય થયા છે તેથી એ જ પ્રમાણે અનંતકાળપર્યંત રહે છે,

—એવી નિષ્પન્નતાને પામેલા શ્રી સિદ્ધભગવાનને અમારા નમસ્કાર હો.

જુઓ! સિદ્ધ થયા તેઓ પણ પહેલાં તો સંસારમાં હતા. પ્રથમ તેમણે પોતાના જ્ઞાનાનંદસ્વભાવની ઓળખાણ કરીને સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન કર્યા; ત્યાર પછી વૈરાગ્ય થતાં ગૃહસ્થપણું છોડી, ત્રણકષાય-ચોકડીનો અભાવ કરી, શુદ્ધોપયોગરૂપ મુનિદશા પ્રગટ કરી,

તે શુદ્ધોપયોગરૂપ મુનિધર્મના સાધન વડે ચાર ઘાતિકર્મોનો નાશ થતાં કેવળજ્ઞાનાદિ ચતુષ્ટયરૂપ અરિહંતદશા પ્રગટ કરી.

તે અરિહંત દશા થયા પછી કોઈ જીવો તો અંતર્મુહૂર્તમાં જ સિદ્ધપદ પામે છે ને કોઈ જીવો કરોડો-અબજો વર્ષ અરિહંતદશામાં રહીને પછી સિદ્ધપદ પામે છે.

અરિહંતદશાનો કાળ બધા જીવોને સરખો હોતો નથી. જુઓ! શ્રી સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહક્ષેત્રમાં અરિહંતદશામાં બિરાજી રહ્યા છે, તેઓ કરોડો વર્ષ પહેલાં કેવળજ્ઞાન પ્રગટ કરીને અરિહંતપદે રહીને પછી સિદ્ધ થશે અને શ્રી મહાવીર ભગવાન આ ભરતક્ષેત્રે થયા તેઓ શ્રી સીમંધરભગવાન પછી અરિહંતદશાને પામ્યા હતા ને તેમની પહેલાં સિદ્ધપદ પામ્યા તથા કોઈ જીવો કેવળજ્ઞાન પામ્યા પછી અંતર્મુહૂર્તમાં જ સિદ્ધપદ પામી જાય છે. આ અંતર્મુહૂર્તનો કાળ તીર્થંકરોને લાગુ નથી પડતો, શ્રી તીર્થંકરભગવાનને તો અરિહંતદશાનો અમુક વિશેષ કાળ હોય જ છે.

એ પ્રમાણે અરિહંતદશામાં કેટલોક કાળ વીત્યે બાકી રહેલા ચાર અઘાતિકર્મનો પણ નાશ થતાં પરમૌદારિક શરીરને પણ છોડીને, શ્રી સિદ્ધભગવાન ઊર્ધ્વગામીસ્વભાવથી લોકના અગ્રભાગમાં જ બિરાજમાન થયા છે.

આ લોક નીચેથી ઉપર ચૌદ રાજુ ઊંચો છે. તેના મધ્યભાગમાં આ મનુષ્યલોક છે ને અહીંથી ઉપર સાત રાજુ સુધી ઊર્ધ્વલોક છે તેને છેડે (અર્થાત્) લોકાગ્રે અનંત સિદ્ધભગવંતો બિરાજે છે.

'સિદ્ધભગવંતો સિદ્ધશીલા ઉપર બિરાજે છે' એમ કહેવાય; પણ ખરેખર કાંઈ સિદ્ધભગવાન સિદ્ધશીલાને અડીને બિરાજતા નથી.

ભાવથી પણ શ્રી સિદ્ધભગવાન જગતમાં સૌથી ઊંચા છે ને ક્ષેત્રથી પણ લોકમાં સૌથી ઊંચા સ્થાને ભગવાન બિરાજે છે.

શ્રી સિદ્ધભગવાનને સમસ્ત પરદ્રવ્યોનો સંબંધ છૂટી ગયો છે, આત્મા સાથે એક પરમાણુમાત્રનો પણ સંબંધ રહ્યો નથી ને તેમને મુક્ત અવસ્થાની સિદ્ધિ થઈ છે. (અર્થાત્) જેમને સમસ્ત પરદ્રવ્યો સાથેનો સંબંધ છૂટી ગયો છે—એવા શ્રી સિદ્ધભગવાનને ઓળખનાર ધર્મી પોતાના આત્માને પણ સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન જાણે છે; પણ હજી તેને નિમિત્ત તરીકે પરદ્રવ્યનો સંબંધ છે.

શ્રી સિદ્ધભગવાનને છએ દ્રવ્યો એકક્ષેત્રે હોવા છતાં તેમને કોઈ પ્રકારનો વિકાર નથી, તેથી સમસ્ત પરદ્રવ્યો સાથેનો સંબંધ સર્વથા છૂટી ગયો છે. જ્ઞેયજ્ઞાયકસંબંધ છે પણ કાંઈ વિકારનું કારણ નથી.

આવા શ્રી સિદ્ધભગવાનને પ્રતીતમાં લેનાર ધર્મીને પોતાના શુદ્ધાત્માની દૃષ્ટિમાં સમસ્ત પરદ્રવ્યના સંબંધનો અભાવ વર્તે છે.

આ રીતે એકલા સિદ્ધભગવાનની વાત નથી પરંતુ સિદ્ધભગવાનને વાસ્તવિકપણે કબૂલનાર જીવ પોતે અંશે તે જાતમાં ભળીને સાધક થાય છે—એની આ વાત છે.

હવે તે સિદ્ધભગવાનનો આકાર કેવો છે, તે કહે છે. છેલ્લા શરીરનો જે આકાર હતો તેનાથી જરાક ન્યૂન એવા પુરુષાકારવત્ તેમના આત્મપ્રદેશોનો આકાર અવસ્થિત થયો છે.

છેલ્લા શરીરથી કિંચિત્ ન્યૂન–

સિદ્ધદશામાં આત્માના અસંખ્યપ્રદેશોનો આકાર છેલ્લા શરીરથી 'કિંચિત્ ન્યૂન' એટલે કે જરાક ઓછો હોય છે. શરીરના નખ, કેશ વગેરે ભાગોમાં આત્માના પ્રદેશ હોતા નથી તે અપેક્ષાએ સિદ્ધનો આકાર છેલ્લા શરીરના આકારથી કિંચિત્ ન્યૂન સમજવો.

પણ છેલ્લા શરીરથી ત્રીજા ભાગનો આકાર ઓછો થઈ જાય—એમ કોઈ કહે છે તે સત્ય નથી. તેમ જ કોઈ એમ માને છે કે : મુક્ત અવસ્થા થતાં આત્મા આખા લોકમાં વ્યાપીને રહે છે—તે પણ સત્ય નથી.

વળી, સિદ્ધભગવાનનો આકાર 'પુરુષાકારવત્' હોય છે. અહીં 'પુરુષાકારવત્' કહ્યું તેમાં એ વાત પણ આવી જાય છે કે પુરુષ જ સિદ્ધ પામે છે. સ્ત્રી પર્યાયમાં સિદ્ધદશા થતી નથી. સિદ્ધ થનાર જીવને છેલ્લું શરીર પુરુષનું જ હોય—એવો નિયમ છે.

સ્ત્રી-પર્યાયમાં રહેલા આત્માને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પાંચમા ગુણસ્થાન સુધીની પવિત્રદશા હોય છે. પાંચમા ગુણસ્થાનથી ઊંચી દશા તેને હોતી નથી તો કેવળજ્ઞાન કે સિદ્ધપદ હોય જ ક્યાંથી?

છેલ્લા શરીરથી જરાક ઓછો અને પુરુષાકારવત્—એવો આકાર સિદ્ધભગવાનને અવસ્થિત થયો છે. સિદ્ધભગવાનને જડનો આકાર નથી તેમજ ઈન્દ્રિજ્ઞાનથી દેખાય તેવો આકાર નથી તેથી તેમને નિરાકાર કહેવાય છે, પરંતુ તેમને પોતાના આત્માના

અસંખ્યપ્રદેશોનો આકાર તો છે. આકાર વગરની કોઈ વસ્તુ હોય નહિ; કેમકે દરેક વસ્તુમાં 'પ્રદેશત્વગુણ' છે, તેથી દરેક વસ્તુને પોતપોતાનો કંઈને કંઈ આકાર જરૂર હોય છે. અરૂપીવસ્તુનો આકાર અરૂપી હોય છે ને રૂપી વસ્તુનો આકાર રૂપી હોય છે. સિદ્ધભગવાનને પણ પોતાના પ્રદેશત્વગુણને લીધે ઉપર પ્રમાણે અરૂપી આકાર હોય છે.

સિદ્ધભગવાનને આત્માના અસંખ્યપ્રદેશોનો જે આકાર છે, તે સદા અવસ્થિત રહે છે; હવે સાદિ-અનંતકાળ સદા એવો ને એવો જ આકાર રહેશે. સંસારીની જેમ તેમને સંકોચ-વિસ્તાર થતો નથી પણ એકરૂપ આકાર રહે છે.

દરેક સિદ્ધભગવાનને પોતપોતાનો ભિન્ન ભિન્ન આકાર હોય છે. અનંત સિદ્ધભગવંતો એકક્ષેત્રે રહે છે પણ 'જ્યોતમાં જ્યોત'ની જેમ એકબીજામાં ભળી જતા નથી, સૌ પોતપોતાના ભિન્ન આકારમાં રહે છે. બધાય સિદ્ધભગવંતોને આનંદનો અનુભવ સરખો, જ્ઞાનનું સામર્થ્ય સરખું પણ આકાર બધાયને એક સરખો જ હોય-એવો નિયમ નથી. કોઈને લગભગ સવાપાંચસો ધનુષ્યનો આકાર હોય ને કોઈને એક ધનુષ્યનો આકાર હોય-એમ આકારમાં નાનામોટાપણું હોય પણ આત્માના અસંખ્યપ્રદેશ તો બધાને સરખા છે, જ્ઞાન-આનંદ વગેરે પણ સરખા છે.

ચાર ઘાતિકર્મોનો નાશ થઈને શ્રી સિદ્ધભગવાનને કેવળજ્ઞાનાદિ પ્રગટી ગયા હતાં પણ ત્યાં હજી ચાર અઘાતિકર્મોના નિમિત્તે કેટલાક ગુણો ખીલ્યા ન હતા, હવે તે બાકીનાં ચાર અઘાતિકર્મનો પણ ક્ષય થતાં તેમજ નોકર્મરૂપ શરીર વગેરેનો સંબંધ પણ છૂટી જતાં સિદ્ધદશામાં અમૂર્તપણું, સૂક્ષ્મપણું, અવ્યાબાધપણું વગેરે બધા ગુણો સ્વભાવરૂપ પ્રગટી ગયા છે; તેમજ ભાવકર્મોનો પણ અભાવ હોવાથી શ્રી સિદ્ધભગવાનને અનાકુળ આનંદમય શુદ્ધસ્વભાવરૂપ પરિણમન થઈ રહ્યું છે. ભગવાન સાદિ-અનંતકાળ પોતાના આત્મસ્વભાવ-માંથી ઉત્પન્ન એવા અતીન્દ્રિય આનંદના અનુભવથી સદા તૃપ્તપણે તૃપ્ત વર્તે છે.

આવા શ્રી સિદ્ધભગવાનનું સ્વરૂપ ઓળખીને તેમના ધ્યાન વડે ભવ્યજીવોને સ્વ-પરનું તેમજ સ્વભાવ અને વિભાવનું ભેદવિજ્ઞાન થાય છે.

આ આત્માનું પરમાર્થ સ્વરૂપ પણ શ્રી સિદ્ધભગવાન જેવું, પરથી અને વિભાવથી ભિન્ન છે—એવી ઓળખાણ વડે પોતાને સિદ્ધ-સમાન થવાનું સાધન થાય છે.

આ રીતે, સાધવા યોગ્ય એવું જે પોતાનું શુદ્ધસ્વરૂપ, તેને દર્શાવવા માટે શ્રી સિદ્ધભગવાન પ્રતિબિંબ-સમાન છે.

જેમ સ્વચ્છ દર્પણમાં જોતાં પોતાનું મુખ દેખાય છે તેમ શ્રી સિદ્ધભગવાનને જોતાં પોતાના આત્માનું વાસ્તવિક સ્વરૂપ જણાય છે. સ્વચ્છ દર્પણમાં પ્રતિબિંબ જોતાં ખ્યાલ આવે છે કે : મારું રૂપ આવું છે; તેમ આ આત્માનું શુદ્ધ સ્વરૂપ જોવા માટે શ્રી સિદ્ધભગવાન સ્વચ્છ દર્પણસમાન છે. તેમને ઓળખતાં પોતાનું સ્વરૂપ ઓળખાય છે.

શ્રી સિદ્ધભગવાનને જેવાં પરિપૂર્ણ જ્ઞાન, આનંદ વગેરે પ્રગટી ગયા છે, તેવા પરિપૂર્ણ જ્ઞાન, આનંદ વગેરે પ્રગટવાનું સામર્થ્ય મારા સ્વભાવમાં પણ છે.

શ્રી સિદ્ધભગવાનને સર્વ વિભાવોનો નાશ થઈ ગયો છે તેમ મારા આત્મામાંથી પણ સર્વે વિભાવ નાશ થવા યોગ્ય છે, વિભાવ મારો સ્વભાવ નથી.

શ્રી સિદ્ધભગવાનને સર્વે પરદ્રવ્યોનો સંબંધ છૂટી ગયો છે તેમ મારો આત્મા પણ સર્વે પરદ્રવ્યોથી અત્યંત જુદો છે.

—એ પ્રમાણે શ્રી સિદ્ધભગવાનને ઓળખતાં પોતાના પરિપૂર્ણ સ્વભાવ-સામર્થ્યનું ભાન થાય છે અને વિભાવથી તેમજ પરદ્રવ્યોથી ભિન્નતા જણાય છે.

'सिद्ध समान सदा पद मेरो' —એટલે શ્રી સિદ્ધભગવાનના આત્મામાં જે જ્ઞાનાદિ પ્રગટ્યાં છે તે બધું મારા સ્વભાવમાં છે; ને શ્રી સિદ્ધભગવાનના જે કંઈ (રાગાદિ) નીકળી ગયું, તે બધું મારા સ્વભાવથી ભિન્ન છે—આ પ્રમાણે શ્રી સિદ્ધભગવાનને ધ્યેય બનાવીને પોતાના આત્માને પણ તેવા સ્વરૂપે લક્ષમાં લઈને ધ્યાવતાં ભવ્યજીવો સમ્યગ્દર્શનાદિ પામી જાય છે.

શ્રી સિદ્ધભગવાનને પોતાના આત્માની શક્તિમાંથી કેવળજ્ઞાનાદિ પરિપૂર્ણ સામર્થ્ય પ્રગટી ગયું છે, છતાં શક્તિમાં પરિપૂર્ણ જ છે; આ આત્માને તેવું પરિપૂર્ણ સામર્થ્ય પ્રગટ્યું નથી પણ શક્તિમાં તો તેને પણ પરિપૂર્ણ સામર્થ્ય છે, એટલે શક્તિપણે શ્રી સિદ્ધભગવાન અને આ આત્મા સરખા છે. શ્રી સિદ્ધભગવાનને તે પરિપૂર્ણ શક્તિ વ્યક્ત થઈ ગઈ છે, ધર્મીને તે પરિપૂર્ણ શક્તિની પ્રતીતિ પ્રગટી છે ને તે પ્રતીતિના જોરે તેને પણ અલ્પકાળમાં પોતાની પરિપૂર્ણ શક્તિ ખીલી જશે.

એ પ્રમાણે શ્રી સિદ્ધભગવાન જેવા પોતાના આત્માના લક્ષપૂર્વક જે નમસ્કાર કરે તેણે જ શ્રી સિદ્ધભગવાનને સાચા નમસ્કાર કર્યા છે.

વળી, સિદ્ધભગવાન કેવા છે? કે : કૃતકૃત્ય થઈ ગયા છે તેથી હવે અનંતકાળ એ જ પ્રમાણે રહે છે.

જે કરવાયોગ્ય કાર્ય હતું તે કરીને ભગવાન પૂર્ણ જ્ઞાનાનંદમય કૃતકૃત્યદશા પામી ગયા છે. હવે કંઈ નવું કાર્ય કરવાની આકુળતા ભગવાનને રહી નથી.

ભક્તજનોના અનુગ્રહ માટે કે દુષ્ટજનોના નિગ્રહ માટે ભગવાન કાંઈ ફરીને અવતાર ધારણ કરતા નથી. તે તો સદા મુક્ત જ રહે છે.

ભગવાનની ભક્તિ કરનારને શુભ ફળ ને નિંદા કરનારને અશુભ ફળ કાંઈ ભગવાન નથી આપતા પણ તે તે જીવ પોતપોતાના પરિણામથી જ સ્વયં તેવું ફળ પામે છે. ભગવાનને કોઈ પ્રત્યે રાગ કે દ્વેષ નથી.

ભગવાન તો વીતરાગી કૃતકૃત્ય થઈ ગયા છે. હવે તેમને કાંઈ નવું સાધવાનું બાકી રહ્યું નથી. તેથી પૂર્ણજ્ઞાનાનંદના અનુભવમાં કૃતકૃત્યદશામાં ભગવાન સાદિ–અનંતકાળ બિરાજમાન રહે છે. ત્યાં પરિણમન છે પણ એવી ને એવી પર્યાયો પલટાયા કરે છે. પર્યાય ભલે 'એવી ને એવી' હોય પણ તે ને તે જ ન હોય, સમયે સમયે નવી નવી પર્યાય થયા કરે છે.

શ્રોતા :–આવા સિદ્ધભગવાન અમને દેખાતા નથી, તો કઈ રીતે માનીએ?

પૂજ્ય ગુરુદેવશ્રી :–ભાઈ! આત્માના શુદ્ધ સ્વરૂપનો મતિ-શ્રુતજ્ઞાન વડે જેણે નિર્ણય કર્યો, તેને સિદ્ધભગવાન પણ પ્રતીતમાં આવી જ ગયા. આંખ વગેરે ઈન્દ્રિયોથી સિદ્ધભગવાન ન દેખાય પણ જ્ઞાનમાં તેનો નિર્ણય થઈ શકે છે.

અજ્ઞાની કહે છે કે 'મને સિદ્ધ દેખાતા નથી.' ધર્મી કહે છે કે 'મારા હૃદયાં જ સિદ્ધભગવાન બિરાજે છે.' સિદ્ધભગવાનનો આત્મા ભલે પ્રત્યક્ષ ન દેખાય પણ જેણે મતિ–શ્રુતજ્ઞાનને સ્વસન્મુખ કરીને સ્વસંવેદન પ્રત્યક્ષથી સિદ્ધભગવાન જેવા પોતાના શુદ્ધસ્વભાવને દેખ્યો, તેણે સિદ્ધભગવાનને પણ દેખ્યા છે ને પોતાના હૃદયમાં તેમને સ્થાપ્યા છે.

—આ પ્રમાણે શ્રી સિદ્ધભગવંતોને હૃદયમાં સ્થાપીને તેમને અમારા નમસ્કાર છે!

(ક્રમશઃ)

# પ્રવચનસાગરનાં રત્નો

✍ હે પ્રભુ! મેં પરને પોતાનું માન્યું અને સ્વને ભૂલી ગયો એ મહા અપરાધની, હે નાથ! ક્ષમા કરજો-એમ પોતાના આત્મા પાસે ક્ષમા માંગવાની છે. અરે! એને આત્માના હિત માટે ખટક હોવી જોઈએ કે મારું શું થશે? પૈસા માટે લોકો આફ્રિકા, અમેરિકા આદિ દૂર દૂર જાય છે ને કેટલી મહેનત કરે છે, તો પોતાના આત્મા માટે પણ ગમે તેમ કરીને કરવું જોવે ને!

✍ કોઈ પણ સમયે કોઈ પણ પ્રસંગે ભગવાનને ભૂલીશ નહીં. તારા ભગવાનને હો! એને સદાય તું દૃષ્ટિમાં રાખજે. તેમાં લીનતા તે જ મોક્ષનો માર્ગ છે. તેને ક્યારેય તું ભૂલીશ નહીં. તારો ભગવાન શુદ્ધ અસ્તિત્વમાત્રરૂપ છે તેને કોઈ પણ સમયે ભૂલીશ નહીં.

✍ શ્રોતા :–આત્માના જુદા જુદા ગુણો ખ્યાલમાં આવે છે પણ અભેદ ખ્યાલમાં કેમ નથી આવતો?

પૂજ્ય ગુરુદેવશ્રી :–પોતે ખ્યાલમાં લેતો નથી એટલે ખ્યાલમાં આવતો નથી. અભેદને ખ્યાલમાં લેવો એ તો છેલ્લામાં છેલ્લી સ્થિતિ છે. નિર્વિકલ્પ થાય ત્યારે અભેદ આત્મા ખ્યાલમાં આવે છે.

શ્રોતા :–એ ખ્યાલમાં લેવો કઠણ પડે છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :–ધી...રે...ધી...રે પ્રયત્ન કરવો. મૂંઝાવા જેવું નથી. અનુભવમાં આવી શકે એવો છે માટે ધી...રે...ધી...રે પ્રયાસ કરવો, મૂંઝાવું નહિ, થઈ શકે એવું છે. આવા કાળે આવી ઊંચી વાત સાંભળવા મળી છે એ કાંઈ ઓછું થોડું છે!

✍ શ્રોતા :–આપ પ્રતિજ્ઞા તો કાંઈ કરાવતા નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :–પ્રતિજ્ઞા કરો કે પુણ્ય-પાપ મારા નથી, પરની ક્રિયા હું કરી શકતો નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું, સમ્યગ્દર્શન મારી વસ્તુ છે, પુણ્ય-પાપ મારા નથી, આમ પહેલા મિથ્યાત્વ ટાળવાની પ્રતિજ્ઞા થાય છે. ભાઈ! એકવાર નિયમ તો લે-સોગંદ તો લે કે આત્માના પૂર્ણ સ્વભાવ સિવાય બીજું કાંઈ મારે ખપતું નથી.

✍ શ્રોતા :–પ્રભુ હું સંસારરોગથી પીડાતો દર્દી છું, એ રોગને મટાડનાર આપ ડૉક્ટર પાસે આવ્યો છું.

પૂજ્ય ગુરુદેવશ્રી :–કોઈ દર્દી જ નથી હું દર્દી છું એવી માન્યતા છોડી દેવી. હું નિરોગી પરમાત્મસ્વરૂપ જ છું. **—પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**

શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ પરિવાર
હસ્તે દિનેશભાઈ અને શિરિષભાઈ, સુરતના સૌજન્યથી
અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિવિધ અદ્‌ભુતતાયુક્ત અત્યાનંદોલ્લાસથી ઉજવાયેલ

# ૧૧૯મો શ્રી કહાનગુરુ-જન્મમહોત્સવ

## પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત વિશુદ્ધ અધ્યાત્મધારાના સાતિશય પ્રભાવક અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૯મો ભક્તવૃંદઆનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૩-૫-૨૦૦૮ થી તા. ૭-૫-૨૦૦૮ સુધી પંચાહ્નિક, ગુરુમહિમાદ્યોતક વિભિન્ન રોચક કાર્યક્રમ સહ અતિ ભવ્ય સમારોહપૂર્વક પ્રચુર આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ મંગલ મહોત્સવના આયોજક શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ પરિવાર હ. દિનેશભાઈ, શિરિષભાઈ તથા સુરતના આબાલ-વૃદ્ધ સર્વે સદસ્યોને આ ગુરુ-જન્મોત્સવને અતિશય આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનો અતિઉત્સાહ હતો.

## ગુરુ-ભક્તિની પ્રેરણાદાત્રી

સ્વાનુભૂતિવિભૂષિત વીતરાગમાર્ગના દાતા, પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃતભાવભીના ભક્ત્યુલ્લાસના આ મંગલ અવસર પર, કહાનગુરુ-ઉપકારમહિમા બતાવનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઉપકૃતભાવભીની પવિત્ર સ્મૃતિ સર્વે મુમુક્ષુઓને પોતાના સ્મૃતિપટ પર બરાબર ઉપસી આવતી હતી. જાણે સુવર્ણપુરીના અંતરીક્ષમાં તેઓની પરોક્ષ મંગલ ઉપસ્થિતિ જ મુમુક્ષુ ભક્તોને ગુરુભક્તિની સાતિશય ઉલ્લાસભરી પ્રેરણા આપતી હતી. ઉપરોક્ત મુમુક્ષુમંડળ દ્વારા આયોજિત આ પવિત્ર જન્મજયંતી-સમારોહમાં સર્વે મુમુક્ષુસમાજે તે કલ્યાણી મૂર્તિની ભક્તિપ્રેરણા ઝીલીને આ ૧૧૯મો ગુરુ-જન્મોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યો.

## ધર્મપ્રભાવનાપૂર્ણ આયોજન

ગુરુ-જન્મોત્સવની આ પવિત્ર વેળાએ દેશવિદેશથી લગભગ ૩૦૦૦ થી અધિક ગુરુભક્તો આવ્યા હતા. પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતા પ્રતિ સમર્પિત શ્રદ્ધાજીવનયુક્ત મુમુક્ષુઓ દ્વારા, આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ-પરમાગમ-સફળ-ગદ્યપદ્યાનુવાદક, ગુરુભક્ત પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહની ગુરુભક્તિભીની ઉલ્લાસવર્ધિની કલ્યાણી પંચ-પરમાગમ-ગુર્જરઅનુવાદરૂપ-ઉપકારછાયામાં ઉજવાયેલ આ ગુરુ-જન્મોત્સવ વસ્તુતઃ સર્વેને ધર્મપ્રભાવના વૃદ્ધિકારી તથા આનંદદાયી અનુભૂત થયો.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ગુરુભક્તિ-પદોથી અંકિત ભવ્ય 'બેનર' તથા વિવિધ ભવ્ય શોભાસાજથી વિભૂષિત મનોહર મંડપમાં ક્રમશઃ સવારે પૂજ્ય બહેનશ્રીની દેવગુરુભક્તિ તથા સ્વાનુભવ-રસભીની વિડિયો-ધર્મચર્ચા, જિનેન્દ્ર-દર્શનપૂજા, પરમાગમ મંદિરમાં શ્રી તીર્થમંડલ વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમયસાર પર અધ્યાત્મ-રસપૂર્ણ સીડીપ્રવચન, પ્રાસંગિક-ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ; બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, પરમાગમ મંદિરમાં જિનેન્દ્રભક્તિ, શિક્ષણવર્ગ, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનાં સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ.-આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારુ ચાલતો હતો. વિધાન પૂજા, પ્રવચન તથા ભક્તિના પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી જગ્યા પુરી ભરાઈ જતી હતી.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર-પારણાઝૂલન

વાર્ષિક ગુરુ-જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૬-૫-૨૦૦૮ના દિવસે સાંજે 'ધાતકી-વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના સમવસરણ-વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. નવનિર્મિત ભવ્ય રથની ગંધકૂટી પર બિરાજમાન ભાવિ-ભગવાનનો સમવસરણવિહાર સર્વે ભક્તોને અતિ આનંદપ્રદ અનુભૂત થતો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક ભવ્ય સાજ તથા વાજા સાથે 'કહાનકુંવરના પારણાઝુલન' નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો. (પારણાઝૂલનની બોલીનું સૌભાગ્ય શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ પરિવાર, સુરત હ. દિનેશભાઈ, શિરિષભાઈને સંપન્ન થયું હતું.) આ મંગલ રથોત્સવની ભવ્યતા જોઈને ઈતર ગ્રામજનતા પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. બ્રહ્મચારિણી બહેનોએ મહિલા વિભાગમાં તથા ભજનમંડળીએ પુરુષ વિભાગમાં મધુરા સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

આ મંગલ અવસર પર શાસ્ત્ર પ્રવચન સર્વશ્રી બ્ર.ચંદુભાઈ (સોનગઢ), બ્ર. વ્રજલાલભાઈ (વઢવાણ), પવનભાઈ જૈન (સોનગઢ), નિરંજનભાઈ (સુરત), હિંમતભાઈ ડગલી, તથા અધ્યાપનકાર્ય બ્ર.ચંદુભાઈ, બ્ર. વ્રજલાલભાઈ, ડૉ. પ્રવીણભાઈ (રાજકોટ), સુભાષભાઈ શેઠ (વાંકાનેર), રમેશભાઈ (સલાલ) દ્વારા ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કર્યું હતું તથા બહેનોમાં બ્ર. આશાબેન અને બાળકોમાં બ્ર. કોકિલાબેન ખારાએ શિક્ષણ આપ્યું હતું.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજ
## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે, મનોહર દ્રશ્યોથી વિભૂષિત સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશાળ ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) સમક્ષ ક્રમશઃ પ્રાતઃદર્શન, સદ્‌ગુરુદેવસ્તુતિ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ પ્રણિપાત-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનું વિડિયો-

'માંગલિક', બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પ્રાસંગિક ભક્તિ તથા વંદના, પરમાગમ મંદિરમાં શ્રી તીર્થ મંડલ વિધાન પૂજા તથા તેનું સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન; તત્પશ્ચાત્ પૂજ્ય બહેનશ્રીએ કરેલી ગુરુજન્મવધાઈ તથા ગુરુભક્તિના વિડિયો દ્વારા દર્શન, તથા ગુરુ-જન્મવધાઈ; બપોરે શાસ્ત્રપ્રવચન, દેવગુરુભક્તિ; સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, વગેરે કાર્યક્રમ થયા હતા. ઉત્સવમાં મળેલ ગુરુદર્શન તથા બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાથી સમાગત મહેમાનોને અત્યંત આનંદાનુભૂતિ થતી હતી.

**સ્થાયી મંડલ વિધાન પૂજા** : આ મંગળ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૧૧૬ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૨ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત કહાનગુરુ-જન્મોત્સવના પાંચે દિવસ સમાગત મહેમાનો માટે તથા સ્થાનીય મુમુક્ષુમંડળ માટે સવારે તથા સાંજે જમણ (–સ્વામીવાત્સલ્ય) જન્મોત્સવ-આયોજક શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ પરિવાર, સુરત તરફથી તથા સ્થાયી જમણ ૭ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

આ મંગળ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૯,૨૮,૨૭૯=૦૦ની ઉપજ થઈ હતી—

| | | |
|---|---|---|
| ૧. | ૧૧૯ના અંકમાં ૧૧૯×૧૬૨૭ | ૧,૯૩,૬૧૩=૦૦ |
| ૨ | પ્રાસંગિક વિધાનપૂજા ૨×૧૦૦૧ | ૨,૦૦૨=૦૦ |
| ૩. | રથયાત્રામાં બોલી | ૨,૩૨,૦૧૦=૦૦ |
| ૪. | રૂા. ૧૦૦૦ની વધાઈ ૧૦૦૦×૪ | ૪,૦૦૦=૦૦ |
| ૫. | રૂા. ૫૦૦ની વધાઈ ૫૦૦×૪૫૭ | ૨,૨૮,૫૦૦=૦૦ |
| ૬. | જિનેન્દ્ર-આરતીમાં | ૧૮,૨૭૧=૦૦ |
| ૭. | રથયાત્રા, પારણાઝુલન તથા જન્મવધાઈ સ્ટેજ પર | ૯૮,૮૮૩=૦૦ |
| ૮. | અન્ય | ૧,૫૧,૦૦૦=૦૦ |
| | | કુલ રૂા. ૯,૨૮,૨૭૯=૦૦ |

તદ્ઉપરાંત મહોત્સવનો બધો ખર્ચ આયોજક શ્રી શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ પરિવાર, સુરત તરફથી આપવામાં આવ્યો હતો.

## વૈરાગ્ય સમાચાર :—

કચ્છનિવાસી (હાલ-મલાડ, મુંબઈ) શ્રી પ્રેમજીભાઈ દેવજીભાઈ જૈન (–તે શ્રી જિતુભાઈ મોદી (સોનગઢ)ના સાઢુભાઈ) (વર્ષ-૭૭) તા. ૩૧-૩-૦૮ના રોજ સોનગઢ મુકામે હાર્ટફેઈલ થતાં એકાએક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વર્ષોથી સોનગઢ ઘણું રોકાઈને લાભ લેતા હતા. તેમના નિમિત્તે કેટલાક કચ્છીઓ પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બન્યા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વર્ગવાસ બાદ તેઓએ વિશેષ સમય સોનગઢ તેમજ દેવલાલી રહીને તત્ત્વાભ્યાસ કરતા હતા.

અમદાવાદનિવાસી, રાજકોટ સુધરાઈના ચીફ કમીશ્નર શ્રી રાજેન્દ્રભાઈ મનસુખલાલ શાહ (વર્ષ–૫૨) તા. ૫-૨-૦૮ના રોજ ઓફિસ-મિટિંગમાં હાર્ટએટેકથી એકાએક સ્વર્ગવાસ પામ્યા છે.

વઢવાણનિવાસી (હાલ–મુંબઈ) શ્રી રમેશભાઈ પોપટલાલ વોરા (–તે શ્રી હસમુખભાઈ વોરા–પ્રમુખ, શ્રી દિ. જૈન સ્વા.મંદિર ટ્રસ્ટના નાનાભાઈ) તા. ૧૨-૨-૦૮ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ દેવલાલીના દરેક કાર્યક્રમોમાં ઉત્સાહથી ભાગ લેતા હતા.

રાજકોટનિવાસી શ્રી ભરતભાઈ ત્રિભોવનદાસ વારીયા (વર્ષ–૬૦) ફાગણ સુદ-૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી (હાલ-ઘાટકોપર) કુમારી રંજનબેન રેવાશંકર દેસાઈ (વર્ષ–૬૯) તા. ૧૭-૩-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં ૨૫ વર્ષ સોનગઢ સ્થાયી રહીને ઘણો લાભ લીધો હતો.

ગોરડકાનિવાસી શ્રી વાડીલાલ મનસુખલાલ શાહ (વર્ષ–૬૮) (–તે બ્ર. શ્રી વજુભાઈના ભાણેજ) તા. ૧૭-૩-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જામનગરનિવાસી શ્રી પ્રાણલાલ મોહનલાલ દેસાઈ (વર્ષ–૮૪) તા. ૧૮-૩-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

લંડનનિવાસી શ્રી ધનજી મેપા હરિયા (વર્ષ–૭૭) તા. ૯-૩-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

સુરેન્દ્રનગરનિવાસી સ્વ. ન્યાલચંદભાઈ ધનજીભાઈ દોશીના સુપુત્ર શ્રી વિનયચંદ્ર (વર્ષ–૭૦) તા. ૨૯-૪-૦૮ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

જબલપુરનિવાસી (હાલ–સોનગઢ) શ્રી શશીબેન લક્ષ્મીચંદ જૈનના સુપુત્ર જ્ઞાનેશ જૈન (વર્ષ–૪૮) તા. ૯-૪-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને સોનગઢ સ્થાયી રહેવાની ઘણી ભાવના હતી.

રાજકોટનિવાસી શ્રી નવિનચંદ્ર એન. બોઘાણી (વર્ષ–૭૦) તા. ૨૦-૧-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

પાલનપુરનિવાસી (હાલ–મુંબઈ) શ્રી બાબુભાઈ ચીમનલાલ મોદી (વર્ષ–૮૨) તા. ૨૪-૪-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ સોનગઢ વારંવાર આવીને ઘણો લાભ લીધો હતો.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી પુરુષાર્થસિદ્ધ્યુપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

✻ **મહાવીર-જન્મકલ્યાણક તેમ જ કહાનગુરુ-અધ્યાત્મતીર્થોદયનું (પરિવર્તનનું) વાર્ષિક પર્વ :** ચૈત્ર સુદ-૧૩, શુક્રવારના દિવસે શ્રી પરમાગમમંદિરમાં ભગવાન શ્રી મહાવીરસ્વામીની પૂજા પછી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' (-પરિવર્તનસ્થળ)માં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન અને ભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક અતિ આનન્દોત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યું હતું. આ મંગળ અવસરે અનેક ગામોથી મુમુક્ષુઓ આવ્યા હતા.

✻ **પૂજ્ય બહેનશ્રીનો જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્તિ દિવસ :** ચૈત્ર વદ-૮, તા. ૨૮-૪-૨૦૦૮ ને બુધવારના રોજ વિશેષ પૂજા-ભક્તિ સહ ઊજવવામાં આવ્યો હતો.

**પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ :** ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સત્તરમી સાંવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૧૯-૫-૨૦૦૮ થી તા. ૨૩-૫-૨૦૦૮ (વૈશાખ વદ ૩) સુધી —પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડળ વિધાનપૂજા તથા તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

✻ **સમવસરણ મંદિરનો ૬૭મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ :**–વૈશાખ વદ ૬, સોમવાર, તા. ૨૬-૫-૨૦૦૮ સોમવાર સોનગઢના સમવસરણ મંદિરનો ૬૭મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સાથે મનાવવામાં આવશે.

**સ્વાધ્યાય-મંદિરના ઉદ્‌ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૧મો વાર્ષિક દિવસ :**–તા. ૨૮-૫-૨૦૦૮, વૈશાખ વદ ૮, બુધવારના દિવસે સોનગઢના સ્વાધ્યાય-મંદિરના ઉદ્‌ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૧મો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ ભાઈ! તું શરીર-વાણી-મન ને રાગને ભૂલી જા, તે તારામાં નથી. અરે! તારી નિર્મળ પર્યાયને પ્રગટ થવામાં દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, પૂર્વની પર્યાયના વ્યયની અપેક્ષા નથી ત્યાં વ્યવહારથી થાય એ વાત ક્યાં રહી? પર્યાયનું આવું સ્વતંત્ર સામર્થ્ય છે. પર્યાય સ્વતંત્ર જ થાય છે એમ નક્કી કરતાં તેનું લક્ષ ક્યાં જાય ?—કે દ્રવ્ય તરફ જ લક્ષ જાય અને તેનું નામ જ પુરુષાર્થ છે. દ્રવ્ય તરફ લક્ષ જતાં જ્ઞાનમાં દ્રવ્યનું જ્ઞાન આવે પણ દ્રવ્ય આવતું નથી. સત્‌નો જેને નિર્ણય થાય તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ જાય. આ જ કરવાનું છે, બાકી બધું તો ધૂળ-ધાણી છે. ૪૪૩.

❀ આનંદનો નાથ એવા શુદ્ધાત્માની પ્રેમથી વાત સાંભળે છે તેને ભાવી નિર્વાણનું ભાજન કહ્યું છે. એને સાંભળતા દેહથી ભિન્ન છું, કર્મથી ભિન્ન છું, રાગથી ભિન્ન છું ને પોતાથી પરિપૂર્ણ છું એ વાત એને બેસવી જોઈએ, હકાર આવવો જોઈએ. આમાં કાંઈ મુંઝાવા જેવું નથી, સાંભળીને હા પાડતાં, હકાર આવતાં, અંદર સંસ્કાર પડતા જાય છે. ૪૪૪.

❀ શ્રોતા :—બધા ગુણોનું કાર્ય વ્યવસ્થિત જ છે તો પછી તેને પુરુષાર્થ કરવાનો રહેતો નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જેને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં પુરુષાર્થ ભાસતો નથી તેને વ્યવસ્થિત બેઠું છે જ ક્યાં?

❀ શ્રોતા :—તેને વ્યવસ્થિત બેઠું નથી એવું તેનું પરિણમન પણ વ્યવસ્થિત જ છે. એ વ્યવસ્થિતનો નિર્ણય ન કરી શકે તેવું તેનું પરિણમન વ્યવસ્થિત જ છે તો પછી તેને નિર્ણય કર તેમ કેમ કહેવામાં આવે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એનું પરિણમન વ્યવસ્થિત જ છે એમ તેને ક્યાં ખબર છે? વ્યવસ્થિત પરિણમન છે તેમ સર્વજ્ઞે કહ્યું પણ સર્વજ્ઞનો તેને ક્યાં નિર્ણય છે? પહેલાં એ સર્વજ્ઞનો તો નિર્ણય કરે? પછી વ્યવસ્થિતની ખબર પડે.

❀ શ્રોતા :—વ્યવસ્થિત પરિણમનશીલ વસ્તુ છે એમ ભગવાને કહેલું તેને બેઠું છે.

પૂજ્ય ગુરુદેવ :—ના, સર્વજ્ઞ ભગવાનનો પણ ખરો નિર્ણય તેને ક્યાં છે ? પહેલાં સર્વજ્ઞનો નિશ્ચય આવ્યા વિના વ્યવસ્થિતનો નિર્ણય ક્યાંથી આવ્યો? એમ ને એમ જ્ઞાનીની વાતો ધારી ધારીને કરે તે ન ચાલે, પહેલાં સર્વજ્ઞનો નિર્ણય લાવ. દ્રવ્યનો નિર્ણય કર્યા વિના સર્વજ્ઞનો નિર્ણય પણ ખરેખર થાય નહિ. ૪૪૫.

❀

આત્મધર્મ
મે, ૨૦૦૮
અંક-૯ * વર્ષ-૨

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## પ્રમાણજ્ઞાનના લોભથી જીવ નિશ્ચયમાં આવી શકતો નથી

જીવ પ્રમાણજ્ઞાનના લોભથી નિશ્ચયમાં આવી શકતો નથી—ત્યાં એમ કહેવું છે કે અજ્ઞાની જીવ પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરવા જાય છે ત્યાં અનાદિના અભ્યાસથી પર્યાયમાં અહંપણાનું જોર રહેવાથી દ્રવ્યનું જ્ઞાન સાચું થતું નથી. અજ્ઞાનીને એમ થાય છે કે પર્યાય છે ને! પર્યાય છે તો ખરી ને! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી. પર્યાય નહિ માનું તો એકાન્ત થઈ જશે એવો ભય રહે છે. આ રીતે પ્રમાણજ્ઞાનના લોભથી પર્યાયને ગૌણ કરી દ્રવ્યસન્મુખ ઢળી શકતો નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662